जिस तरह कोई मनुष्य पुराने वस्त्रों को छोड़कर नये ग्रहण करता है उसी तरह शरीर का मालिक आत्मा पुराने शरीर को छोड़कर नया शरीर धारण करता है ।

જેવી રીતે માણસ જુનાં કપડાં ઉતારીને બીજા નવા કપડાં પહેરે છે તેવી રીતે શરીરના માલીક જીવાત્મા પણ જુના શરીરોને છોડતો જાય છે અને નવાં શરીરોને ધારણ કરતો જાય છે.

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ॥
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥२०॥

इस आत्मा को शस्त्र काट नहीं सकते, इसे आग जला नहीं सकती; वैसे ही इसे पानी भिगो या गला नहीं सकता और वायु सुखा भी नहीं सकती है।

આ આત્માને હથિયારો કાપી શકતા નથી, આગ બાળી શકતી નથી, પાણી ભીંજવી શકતું નથી અને પવન સુકાવી શકતો નથી.

अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽय मुच्यते।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥२१॥

यह अतिसूक्ष्म होनेसे अव्यक्त, विचार में न आनेसे अचिन्त्य एवं विकार रहित कहाता है, इसलिये जीवात्मा को इस प्रकार का समझ कर उसका शोक करना तुझे उचित नहीं।

આ આત્મા અવ્યક્ત એટલે ઇન્દ્રિયોથી ન જાણી શકાય તેવો અત્યંત સૂક્ષ્મ છે અચિંત્ય એટલે કલ્પનામાં ન આવી શકે તેવો અને વિકાર વગરનો છે. તેટલા માટે એને એવો જાણવા છતાં તારે તેનો શોક કરવો ન જોઇએ.

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम्।
तथापि त्वं महाबाहो नैनं शोचितुमर्हसि ॥ २२ ॥

अगर तू ऐसा मानता है कि यह आत्मा सदा जन्म लेता या सदा मरता रहता है तो भी हे महाबाहो! इसका शोक करना तुझे उचित नहीं।

કદાચ તારી એવી માન્યતા હોય કે આ આત્મા નિત્ય જન્મતો ને મરતો રહે છે તોપણ હે મહાબાહો! (મ્હોટા હાથવાળા) તારે તેનો શોક નહિ કરવો જોઇએ.

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ २३ ॥

जो जन्म लेता है उसकी मृत्यु निश्चित हैं और जो मरता है उसका जन्म निश्चित है; इसलिए न मिटनेवाले अर्थमें तुझे शोक करना उचित नहीं है ।

જે જન્મે છે તેનું મરણ અવશ્ય થાય છે અને જે મરે છે તેનો જન્મ પણ જરૂર થાય છે, માટે એ ન ટાળી શકાય તેવી વિષયે શોક કરવો તને ઘટે નહિ.

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥ २४ ॥

हे अर्जुन ! मनुष्यादिक भूतप्राणी जन्मके आदिमें प्रकट न थे, मध्य अवस्थामें प्रकट दीखते हैं और फिर मरनेके पीछे नहीं दीखते तो इसमें शोक किस बातका ?

હે અર્જુન! મનુષ્ય વગેરે આ પ્રાણીઓ જન્મની પહેલાં નથી દેખાતાં જન્મથી મરણ વચલા કાળમાં દેખાય છે, અને ફરી પાછા મરણ બાદ દેખાતાં બંધ થાય છે (પણ કોઇ પૂર્ણતયા અભાવનાશને પામતું નથી.) તો પછી તેનો શોક શા માટે કરવો?

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥ २५ ॥

हे अर्जुन ! सबके शरीरोंमें रहनेवाले यह आत्मा सदैव

नाश रहित है अतएव किसी भी प्राणीके लिये शोक करना उचित नहीं।

હે અર્જુન! સર્વના શરીરમાં રહેલો આ જીવાત્મા સદા અવધ્ય એટલે ન હણી શકાય તેવો છે, તેટલા માટે કોઇ પણ પ્રાણીને માટે શોક કરવો તને ઘટતો નથી.

स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ।
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते ॥ २८ ॥

स्वकर्तव्यको देखें तो भी उत्साह छोडना तुझे उचित नहीं. क्योंकि क्षत्रियोंको धर्मोचित युद्धकी अपेक्षा और कोई कल्याण नहीं।

વળી સ્વધર્મ એટલે તારા પોતાના સ્વાભાવિક વર્ણનું કર્મ, તેનો વિચાર કરતાં પણ યુદ્ધથી ડગવું તને છાજતું નથી; કેમ કે ક્ષત્રિય વર્ણને માટે ધર્માર્થ યુદ્ધના કરતાં વધારે કલ્યાણકારી બીજું કર્મ નથી.

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ॥२७॥

हे अर्जुन! यह युद्ध अपने आप खुला हुवा स्वर्गका द्वार ही है। ऐसा युद्ध भाग्यवान क्षत्रियोंको ही मिला करता है।

હે અર્જુન પોતાની મેળે આવી મળેલું આવું યુદ્ધ માનો સ્વર્ગસુખનો ઉઘડેલું દ્વાર છે. ભાગ્યશાળી ક્ષત્રિયોનેજ આવાં યુદ્ધ લડવા મળે છે.

अथ चेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥२८॥

यदि तू अपने कर्तव्य के अनुकूल यह युद्ध न करेगा तो स्वधर्म और कीर्तिको खोकर पाप बटोरेगा ;

એમ છતાં જો તું તારા ક્ષત્રિય ધર્મને અનુકૂળ આ યુદ્ધ નહિ લડીશ તો સ્વધર્મ અને કીર્તિને ખોઇને પાપી બનીશ.

अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥२९॥

यही नहीं किंतु सब लोग तेरा अखण्ड अपयश गाते रहेंगे, और अपयश तो प्रतिष्ठित पुरुषके लिए मरनेसे बढकर है।

વળી સઘળા લોકો તારી નિરંતર અપકીર્તિ ગાતા રહેશે. પ્રતિષ્ઠિત પુરુષને માટે તો એવી અપકીર્તિ કરતાં મરવું વધારે સારૂં.

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ट कौन्तेय युद्धाय कृतनिश्चयः ॥ ३० ॥

ऐसा है तो फिर जो तू युद्धमें मारा जायगा तो स्वर्गको जावेगा और जीतेगा तो पृथ्वीका राज्य भोगेगा इसलिये हे अर्जुन ! युद्धका निश्चय करके उठ ।

આમ છે તો પછી જો તું યુધ્ધમાં હણાઇશ તો સ્વર્ગમાં જઇશ અને

જીતીશ તો પૃથ્વીનું રાજ્ય ભોગવીશ. માટે હે કૌન્તેય! (કુન્તીના પુત્ર) યુદ્ધ કરવાના નિશ્ચયથી ઊભો થા.

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ ३१ ॥

सुख दुःख, हानि लाभ और हार जीतको एकसा मानकर फिर युद्धमें लगजा। ऐसा करने से तुझे कोई भी पाप लगनेका नहीं है।

સુખ દુઃખ, નફો, નુકશાન તથા હારજીત એ સઘળાંને સરખાં ગણીને યુદ્ધમાં જોડાઇ જા. આવી વૃત્તિ રાખવાથી તને પાપ લાગશે નહીં.

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन।
बहुशाखाह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ॥३२॥ *

हे अर्जुन! इस जीवनयात्रामें धर्मपथपर चलानेवाली निश्चयात्मिका बुद्धि एकही होती है परंतु जिनमें टेकही नहीं है ऐसे मनुष्योंकी बुद्धियाँ अनेक शाखाओंवाली तथा अनन्त होती हैं।

હે અર્જુન આ જીવન યાત્રામાં ધર્મ પથ ઉપર ચલાવનાર નિશ્ચયાત્મક બુધ્ધિ એકજ હોય છે; પરંતુ જેઓમાં નિશ્ચયાત્મક બુદ્ધિ (ટેક) નથી એવા માણસોની બુદ્ધિ અનેક વાળી અને અનન્ત હોય છે.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ ३३ ॥

कर्तव्यमें ही तेरा अधिकार है फलमें कभी नहीं, तू कर्म के फलका उद्देश न रख और कर्तव्य कर्मसे रहित होनेकी इच्छा भी न रख।

તને કર્તવ્ય બજાવવાનોજ અધિકાર છે. પ્રતિફળ મેળવવાનો કદિ નહિ કર્મનો પ્રતિફળ મેળવવાનો ઉદ્દેશ તુ ન રાખ, તેમજ પુરૂષાર્થને છોડી દેવાની ઇચ્છા પણ ન રાખ.

श्रुति विप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥ ३४ ॥*

कर्मफलोंको सुन सुनकर चंचल हुई तेरी बुद्धि जब ज्ञानमें स्थिर होगी तब तू ठीक अवस्थाको प्राप्त होगा।

કર્મનાં ફળોને સાંભળી સાંભળીને ચલિત થયેલી તારી બુધ્ધિ જ્યારે જ્ઞાનમાં સ્થિર થશે ત્યારે તું યોગ્ય અવસ્થાને પામીશ.

प्रजहाति यदा कामान्सर्वान्यार्थ मनोगतान्।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ ३५ ॥

हे पार्थ ! जब मनुष्य अपने मनमें उत्पन्न होनेवाली सभी कामनाओंको त्याग देता है और अपने आत्मस्वरूपको समझकर अपनी आत्माकी सभी शक्तियोंसे तल्लीन होकर उसीमें संतुष्ट होता है तब स्थिर बुद्धिवाला कहाता है॥

હે પાર્થ, જ્યારે મનુષ્ય પોતાના મનમાં ઉત્પન્ન થનારી કામનાઓને

ત્યાગી દે છે અને પોતાના આત્મસ્વરૂપ ને સમજી પોતાના આત્માની સર્વ શક્તિઓમાં રચીપચી તલ્લીન થઈ જાય છે ત્યારેજ તે બુદ્ધિવાળો કહેવડાય છે.

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ ३६ ॥ ❀

दुःखोंमें जिसका मन उद्विग्न नहीं होता, सुखोंमें जिसको, सुखोंमें आकर्षण नहीं, राग, भय और क्रोध जिसके स्वभावसे निकल गयें हों ऐसा समझदार मनुष्य स्थिर बुद्धि वाला कहाता है॥

દુઃખોમાં જેનું મન ઉદ્વિગ્ન નથી થતું, સુખી હાલતમાં સુખ નું આકર્ષણ નથી અનુભવતો, રાગ, ભય અને ક્રોધ જેના સ્વભાવથી દૂર થઈ ચુક્યા છે એવો સમજુ માણસ સ્થિર બુદ્ધિ વાળો ગણાય છે.

यःसर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभं।
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ३७ ॥ ❀

जो सर्वत्र स्नेहरहित होकर, भौतिक लाभालाभको प्राप्त करके न आनन्द मानता है ना ही द्वेष करता है उसकी बुद्धि स्थिर प्रतिष्ठित अर्थात् स्थिर है।

જે બધી રીતે મોહમાયા મુકીને ભૌતિક નફા નુકસાનથી આનન્દ કે દ્વેષ નથી કરતો તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત અથવા સ્થિર છે.

यदा संहरते चायंकूर्मोऽङ्ग नीव सर्वशः।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ३८ ॥ ❀

जैसे कछवा अपने अंगों को सब ओरसे खींच लेता है वैसेही जब वह साधक अपने इन्द्रियोंको संयमद्वारा उनके विषयोंसे खींचकर वशमें कर लेता है तब इसकी बुद्धि प्रतिष्ठित अर्थात् स्थिर होती है।

જેવી રીતે કાચબો પોતાના શરીરના બધા ભાગો ખેંચી લે છે તેવીજ રીતે તે સાધક જેણે પોતાની ઇન્દ્રિયોને સંયમ દ્વારા તેમના વિષયોથી દુર કરી વશમાં કરી લીધી છે તેની બુદ્ધિ સ્થિર થાય છે.

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥ ३९ ॥

अस्थिर चित्तवाले मनुष्यकी बुद्धि ठिकाने नहीं होती, और न ऐसे अस्थिर मनुष्यकी उच्च भावना ही होती है। भावना रहित मनुष्यको शान्ति नहीं मिलती और जिसको शान्ति नहीं उसको सुख कहां ?

અસ્થિર ચિત્તવાળા મનુષ્યની બુધિ ઠેકાણે હોતી નથી. તથા એવા અસ્થિર મનુષ્યને ઊંચી ભાવના પણ થતી નથી. ભાવના રહિત મનુષ્યને શાન્તિ મળતી નથી અને જેને શાન્તિ નથી તેને સુખ ક્યાંથી ?

अर्जुन उवाच

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किं कर्मणि घोरे मां नियोजयसि केशव ॥ (३)४० ॥

अर्जुन पूछता है:—हे कृष्ण ! यदि आप कर्मोंकी अपेक्षा ज्ञान बुद्धिको ही श्रेष्ठ मानते हो तो फिर इस युद्धरूपी घोर कर्ममें मुझे क्यों नियुक्त करते हो ?

અર્જુન પુછે છે:—હે કૃષ્ણ ! તમે જો કર્મોના કરતાં નિષ્કામતાજ્ઞાન બુધ્ધિનેજ શ્રેષ્ઠ માનો છો તો પછી આ યુદ્ધ રૂપી ઘોર કર્મમાં મને શા માટે જોડો છો ?

कृष्ण उवाच

न कर्मणामनारंभान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
न च सैन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥४१॥

विना कर्म किये पुरुष निष्कर्मताको नहीं पा सकता, और न सब कर्मोंको छोड देनेसे ही सिद्धिको प्राप्त हो सकता है ।

કર્મ કર્યા વિના કોઇ માણસ નિષ્કર્મ ભાવને પામી શકતો નથી. તેમ બધાં કામકાજોને છોડી દેવા માત્રથી પણ સિદ્ધિ મળતી નથી.

नहि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥४२॥

कोई मनुष्य एक क्षणभी विना कर्म किए नहीं रह सकता क्योंकि अपने-अपने स्वभावसे उत्पन्न हुए गुणही सब प्राणियोंको बलात् कर्म कराते हैं ।

કોઇ પણ માણસ ક્ષણવાર પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી.

કેમ કે પોતે પોતાના સ્વભાવથી પેદા થએલા ગુણો સઘળાં પ્રાણિઓને પરાણે કર્મ કરાવે છે.

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥४३॥

इसलिए क्षात्रधर्मानुकूल तेरा नियत कर्म तू किया कर। कर्म नहीं करने की अपेक्षा कर्म करना अच्छा है कर्म रहित होनेसे तो तेरा शरीरका हिलना चलना भी नहीं हो सकता ।

એટલા માટે ક્ષાત્ર ધર્મને અનુસરીને તારે માટે નિર્માણ થએલું કર્મ તું કર્યાં કર. કર્મ ન કરવાં કરતાં કર્મ કરવું ઘણું સારૂં છે કર્મ રહિત થવાથી તો તારાં શરીરનું હલન ચલન પણ થઇ શકશે નહિ.

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ ४४ ॥

जनकादि सिद्ध पुरुष कर्मोंसें ही सिद्धि को प्राप्त हुए हैं. लोगोंके हितकी ओर देखकर भी तुझे कर्तव्य कर्म करना चाहिए।

જનક વગૈરે સિદ્ધ પુરૂષો કર્મો કરીનેજ સિધ્ધિને પામ્યા છે. વળી લોકોનાં હિતની તરફ જોઇને પણ ત્યારે કર્તવ્ય કર્મો કરવાંજ જોઇએ.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ ४५ ॥

श्रेष्ठ पुरुष जो कुछ करता है उसको सर्व साधारण मनुष्य भी किया करते हैं। वह जिसे प्रमाण मानकर अंगीकार करता है लोग उसीका अनुकरण करते हैं।

શ્રેષ્ઠ પુરૂષો જે પ્રમાણે આચરણ કરે છે તેને જોઇને બીજા મનુષ્યો પણ કરે છે અને તેઓ જે વાતને ખરી માનીને વર્તે છે લોકો પણ તેઓની પાછળ તેજ પ્રમાણે વર્તે છે.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥४६॥

दूसरे का कर्तव्य भले प्रकार अनुष्ठान किया गया भी हो उससे अपना कर्तव्य साधारण गुणोंवाला भी श्रेष्ठ होता है। अपने कर्तव्य करते हुए मरजाना भी श्रेष्ठ है और अनधिकार चेष्टा अर्थात् दूसरेका कर्तव्य भय देने वाला होता है।

સારાં દેખાતાં બીજાનાં વર્ણ-અધિકારનાં ધર્મકર્મો કરતાં ઉતરતાં દેખતાં પોતાનાં અધિકારસિદ્ધ કર્તવ્ય વધારે કલ્યાણકારી નિવડે છે; અને એટલા માટે પોતાની પહોંચની કર્તવ્યોમાં આરુઢ રહીને મરવું પણ સારૂં જ્યારે અનધિકાર ચેષ્ટા એટલે પરાયા અધિકારનાં કર્તવ્યો જોખમકારક નિવડે છે.

यस्य सर्वे समारंभाः काम संकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः (४) ॥४७॥

जिसके सब प्रारंभ किए हुए कर्म कामना रूपी संकल्पसे

वर्जित हैं और ज्ञानरूपी अग्निसे जिसके कर्म दग्ध हो गए हैं उसको बुद्धिमान् लोग पंडित कहते हैं ।

જે પુરૂષનાં સઘળાં આરંભેલા કર્મો કામના રૂપી સંકલ્પથી રહિત અને જ્ઞાન રુપ અગ્નિ વડે જેનાં કર્મો બળી ગયાં છે તેને બુધ્ધિમાનો પંડિત કહે છે.

विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः (५) ॥४८॥

ऐसे पंडित, विद्या और नीति विशेषसे जो ब्राह्मण संपन्न है उसमें तथा गाय, हाथी, कुत्ता और चाण्डालमें भी समदृष्टि-वाले होते हैं ।

એવા પંડિતો, વિદ્યા તથા વિનયવાળાં બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કુતરામાં તથા ચાંડાળમાં પણ સમદૃષ્ટિવાળા હોય છે. (અર્થાત્ ઉંચી નીચી સર્વ જાતિ તરફ સરખો સંભવ રાખે છે.)

उद्धरेदात्मनाऽत्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः (६) ॥४९॥

अपना उद्धार अपने आप ही करे, अपने आपको कभी भी गिरने न दे क्योंकि प्रत्येक मनुष्य स्वयं अपना सहायक तथा स्वयं अपना शत्रु है ।

માણસ પોતાની મેળેજ પોતાનો ઉદ્ધાર કરે. કદિ પણ આત્મશ્રદ્ધાનો નાશ ન કરે; કેમ કે માણસનો આત્માજ તેનો બંધુ છે તથા એ આત્માજ

તેનો શત્રુ છે.

बन्धुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रवत् ॥५०॥

जिसने अपने आपको जीत लिया है उस पुरुषका आत्मा निश्चयसे अपने आपका मित्र है, परंतु जिसने अपने आपको नहीं जीता है उसके सामने अपना आत्मा ही शत्रु के समान वर्तता है।

જે માણસે પોતે પોતાના પર કાબુ મેળવી લીધો છે તે માણસનો આત્મા જરૂર તેનો મિત્ર છે. પણ જેણે પોતાના પર કાબુ નથી મેળવ્યો તેની સામે તેનોજ આત્મા શત્રુની માફક વર્તે છે. [અર્થાત્ પોતેજ પોતાના શત્રુની ગરજ સારે છે.]

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
नहि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥५१॥

हे अर्जुन ! इस जन्म में भी आत्मोद्धारक पुरुषका नाश नहीं होता । शुभ कार्य करनेवाला कोई भी मनुष्य दुर्दशाको प्राप्त नहीं होता ।

હે અર્જુન ! આ જન્મમાં તથા પરજન્મમાં પણ આત્મોદ્ધારક મનુષ્યનો નાશ થતો નથી. પુણ્ય કર્મનો કરવાવાળો કોઇપણ મનુષ્ય દુર્દશાને પામતો નથી.

अर्जुन उवाच ।

किं तद् ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।

अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते (८)॥५२॥

हे कृष्णं ! वह ब्रह्म किस लक्षणवाला है ? वह अध्यात्म क्या है ? और कर्म क्या है ? अधिभूत किसको कहा गया है और अधिदेव किसको कहा है ?

હે પુરુષોત્તમ કૃષ્ણ ? તે બ્રહ્મ કેવા લક્ષણવાળું છે ? અધ્યાત્મ શું છે ? અને કર્મ શું છે ? અધિભૂત તે શું અને અધિદેવ કોને કહે છે ?

कृष्ण उवाच ।

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥ ५३ ॥

जो अक्षर अर्थात् नाशरहित और सबसे श्रेष्ठ तत्त्व है वह ब्रह्म है। उसका स्वभाव वह अध्यात्म कहा जाता है और भूतों को उत्पन्न करनेकी और नाश करनेकी उसकी जो शक्ति वह कर्महै।

જે અક્ષર એટલે નાશ રહિત અને સૌથી શ્રેષ્ટ તત્વ છે તે બ્રહ્મ છે તેનો સ્વભાવ તે અધ્યાત્મ કહેવાય છે, અને ભૂતને ઉત્પન્ન કરવાની તથા નાશ કરવાની તેની જે ક્રિયા તેનું નામ કર્મ કહેવાય છે.

कविं पुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिन्त्यरूपमादित्यवर्णं तमसः परस्तात् ॥५४॥

जो मनुष्य उस सर्वज्ञ, अनादि, सबको नियममें रखनेवाला परमाणु आदिकोंसे भी सूक्ष्म, सबका धारण करनेवाला, कल्पनामें

न आनेवाला, सूर्य के समान प्रकाशस्वरूप और अज्ञानरूपी अन्धकारसे परे ऐसे ब्रह्मका स्मरण करता है वह मनुष्य उस परम-स्वरूपको प्राप्त होता है ।

જે મનુષ્ય તે સર્વજ્ઞ, અનાદિ, સર્વના નિયંતા, પરમાણું આદિથી પણ સૂક્ષ્મ, સર્વને ધારણ કરનાર, કલ્પનામાં ન આવે એવા સૂર્યની માફક જ્ઞાનપ્રકાશ તથા અજ્ઞાનરૂપી અંધકારથી પરે એવા બ્રહ્મનું સ્મરણ કરે છે તે મનુષ્ય તેના પરમ સ્વરૂપને પ્રાપ્ત થાય છે.

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥५५॥

हे अर्जुन। वह परम पुरुष (व्यापक शक्ति) अनन्य भक्तिसे मिलता है। जिसके भीतर सब भूत प्राणी रहे हुए हैं और जिसने इस सारे ब्रह्मांड को विस्तृत किया है ।

હે અર્જુન! જેની અંદર સર્વભૂત પ્રાણીઓ રહેલા છે તથા જેણે આ અખિલ બ્રહ્માંડને વિસ્તાર્યું છે તે પરમ પુરૂષને અનન્ય ભક્તિથી પમાય છે.

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमांल्लोके सर्वमावृत्य तिष्ठति (१३) ॥५६॥

वह ब्रह्म सब प्रकारके हस्तपाद अर्थात् क्रियाशक्तिवाला सब प्रकारके चक्षु, शिर और मुख अर्थात् ज्ञानशक्तिवाला सब प्रकारके सुननेकी अर्थात् मनीषीपनकी शक्तिवाला और वह इस लोकमें सबको व्याप्त करके स्थिर हो रहा है।

(સર્વવ્યાપક તથા સર્વશક્તિમાન હોવાથી) તે બ્રહ્મને સઘળી તરફ અનંત હાથ પગ અર્થાત્ ક્રિયા શક્તિ છે સઘળી તરફ આંખ, માથાં અને મુખ અર્થાત્ જ્ઞાન શક્તિ છે, સઘળી તરફ કાનની અર્થાત્ મનીષીપણાની શક્તિ છે અને આ જગતમાં સર્વને વ્યાપીને રહેલો છે.

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥५७॥

वह ब्रह्म सब इन्द्रियोंके स्वभावोंके प्रकट करनेवाला है तदपि स्वयं इन्द्रियोंसे सर्वथा रहित है। आसक्तिसे रहित होत हुआ सब भूतोंका पोषण करनेवाला है, तथा प्रकृति आदिके जड गुणोंसे रहित–निर्गुण होता हुआ सच्चिदानंदादि अपने चेतन गुणोंका भोक्ता है।

તે બ્રહ્મ સર્વ ઇન્દ્રિયોના સ્વભાવોને પ્રગટ કરવવાવાળો હોવા છતાં પોતે સઘળી ઇન્દ્રિયોથી રહિત છે. કોઇપણ જાતની આસક્તિ–ભોગ રહિત હોવા છતાં સર્વ ભૂતપ્રાણીઓનું પોષણ કરવાવાળો છે તથા નિર્ગુણ એટલે પ્રકૃતિ આદિના જડ ગુણોથી રહિત હોવા છતાં પોતાના સચ્ચિદાનંદાદિ ચેતન ગુણોનો ભોક્તા છે.

बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥५८॥

वह ब्रह्म स्थावर और जंगम सब भूतप्राणियोंके बाहर और भीतर है, स्थिर और सर्वत्र गति शक्तिमान् भी है तथा सूक्ष्म होनेसे वह अविज्ञेय, दूर है परंतु ज्ञानसे उपलब्ध होनेसे वह

सबके समीप भी है ।

તે બ્રહ્મ સ્થાવર અને જંગમ સર્વ ભૂત પ્રાણીઓની બહાર તથા અંદર પણ છે, સ્થિર પણ છે તેમ સર્વત્ર ગતિ શકિતમાન પણ છે, સૂક્ષ્મ હોવાથી તે ન જાણી શકાય તેવો અને તેથી દુર છે પણ જ્ઞાનથી પ્રાપ્ત થતો હોવાથી તે પાસે પણ છે.

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम् ॥५९॥

वह ब्रह्म सूर्यचन्द्रादि ज्योतियोंका अर्थात् प्रकाशक, अज्ञान रूप अंधकारसे परे, ज्ञानस्वरूप, ज्ञानसे जानने योग्य और सब प्राणियोंके हृदयमें स्थिर है ।

તે બ્રહ્મ સુર્યચન્દ્રાદિ નક્ષત્રોને પણ પ્રકાશ આપનાર તથા અજ્ઞાન અંધકારથી પરે કહેવાય છે. વળી તે જ્ઞાનરૂપ, જાણવા યોગ્ય તથા જ્ઞાનથી જાણી શકાય તેવો તેમ સર્વ પ્રાણીઓના હૃદયમાં વિરાજમાન છે.

प्रकृतिं पुरुषं चैव विद्धयनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् ॥६०॥

प्रकृति तथा जीवात्मा इन दोनोंको भी अनादि जान, परिणामादि विकार तथा सत्त्वादि गुण इनको प्रकृतिसे उत्पन्न हुए जान।

જેમ બ્રહ્મ અનાદિ છે તેમ પ્રકૃતિ તથા જીવાત્મા એ બંનેને પણ તું અનાદિ જાણ પરિણામાદિ વિકારો તથા સત્ત્વ, રજસ, તમસ આદિ ગુણો પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા જાણ,

कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥६१॥

यह जगत् और शरीररूपी कार्य तथा मन सहित इन्द्रिय वर्ग इनके करनेमें प्रकृति उपादान कारण कही गयी है और जीवात्मा सुख:दुख के भोगने में हेतु कथन किया गया है।

આ જગત અને શરીર રૂપી કાર્ય તથા મન સહિત ઇન્દ્રિયો તેને કરાવવામાં પ્રકૃતિ ઉપાદાન કારણ તરીકે કહેવાય છે અને સુખ દુઃખને ભોગવનારે જીવાત્મા કહેવાય છે.

पुरुष प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसंगोऽस्य सदसद्योनिजन्मसु ॥६२॥

प्रकृति में स्थिर होकर यह जीवरूप पुरुष ही प्रकृति से उत्पन्न हुए गुणों को भोगता है। इस जीवात्मा का जों प्रकृति के गुणों के साथ संवन्ध है वह ऊंच नीच योनियों में जन्म पाने में कारण है।

પ્રકૃતિમાં રહેલો આ જીવ રૂપ પુરૂષજ પ્રકૃતિથી પેદા થયેલા સારા નરસા ગુણોને ભોગવે છે, અને સારી નરસી યોનિઓમાં તેનો જન્મ થવાનું કારણ પણ તે ગુણોમાં તેની આસક્તિજ છે.

उपद्रष्टानुमंता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेतिचाप्युक्तो देहेस्मिन्पुरुषः परः ॥६३॥

इस देह में पुरुषका जीवात्माके साथ एक और परमपुरुष भी है जो साक्षी जीवकृत कर्मोंके शुभाशुभ फलका दाता, भरण-

पोषण करनेवाला, एक मात्र अपने आनंद स्वरूपका अनुभव करनेवाला है, उसको महेश्वर या परमात्मा कहते हैं।

આ દેહમાં પુરૂષ જીવાત્માની સાથે રહેલો પણ દેહથી પરે એવો બીજો પરમ પુરૂષ પણ છે જે સાક્ષી રૂપે, જીવે કરેલાં સારાં નરસાં ફળોનો દેવાવાળો સૌનો ભરણ પોષણ કરવાવાળો એક માત્ર પોતાના આનંદસ્વરૂપને ભોગવનારો મહેશ્વર પરમાત્મા કહેવાય છે.

अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते ॥ ६४ ॥

हे अर्जुन ! अनादि होनेसे और निर्गुण होनेसे यह निर्विकार परमात्मा शरीरके भीतर रहकर भी न कुछ करता है और न संगको प्राप्त होता है।

હે અર્જુન ! અનાદિ તથા નિર્ગુણ હોવાથી એ નિર્વિકાર પરમાત્મા શરીરની અંદર વ્યાપક હોવા છતાં પણ કાંઇ કરતો નથી કે લિપ્ત થતો નથી.

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नन्ति महाबाहो देहे देहिनमव्ययम् ॥ ६५ ॥

हे महाबाहो ! वीरशिरोमणे ! सत्वगुण, रजस् और तमस् यह प्रकृतिसे उत्पन्न होते हैं और अविनाशी जीवात्माको देहमें बांध देते हैं।

હે મહાબાહો (વીરશીરોમણિ) સત્વ, રજસ અને તમસ

એ ગુણો પ્રકૃતિમાંથી પેદા થાય છે અને અવિનાશી જીવાત્માને દેહમાં બાંધે છે.

सत्त्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥ ६६ ॥

सत्त्वगुणसे ज्ञान प्रकट होता है, रजोगुणसे लोभ, और तमोगुण से प्रमाद, मोह तथा अज्ञान प्रकट होते हैं ॥

સત્વગુણથી જ્ઞાન પ્રકટ થાય છે, રજોગુણથી લોભ અને તમોગુણથી પ્રમાદ, મોહ તથા અજ્ઞાન પ્રકટ થાય છે.

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधोगच्छन्ति तामसाः ॥ ६७ ॥

जो सत्वगुण में स्थिर हैं वह उच्च गति को प्राप्त होते हैं, रजोगुणवाले सामान्य अवस्था को तथा तमोगुणवाले अधमगति को प्राप्त होते हैं ।

જે સત્વગુણવાળાઓ છે તેને ઉચ્ચ અવસ્થા મળે છે, રજોગુણવાળાઓ સાધારણ અવસ્થામાં રહે છે તથા તમોગુણવાળાઓને અધમ અવસ્થા મળે છે.

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां शृणु ॥६८ ॥

मनुष्योंको श्रद्धाभी स्वभाव से ही सात्विकी, राजसी और

तामसी ऐसी तीन प्रकारकी होती है, उसको सुन ।

દેહધારી જીવોની શ્રદ્ધા પણ સ્વભાવથીજ સત્વગુણી, રજોગુણી તથા તમોગુણી એમ ત્રણ પ્રકારની હોય છે, તેને સાંભળ.

यजन्ते सात्त्विका देवान्यक्षरक्षांसि राजसाः ।
प्रेतान्भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः ॥ ६९ ॥

सात्विक श्रद्धा वा भाववाले लोग देव अर्थात् परमात्मदेव तथा मातृदेव, पितृदेव, आचार्यदेव और अतिथि आदि देवोंको पूजते हैं, राजस लोग धनाढ्योंको तथा कुटिलोंको भजते हैं और तामसलोग मृतों तथा पंच भूतादिक पदार्थों की पूजा करतेहैं ।

સાત્વિક શ્રદ્ધાવાળા મનુષ્યો દેવ એટલે પરમાત્મદેવ, માતૃદેવ, પિતૃદેવ, આચાર્ય દેવ અને અતિથી આદિ દેવ-પૂજ્યોને પૂજે છે, રાજસી શ્રદ્ધા, વાળાઓ ધનાઢયોને તથા કુટિલોને ભજે છે અને તામસી શ્રદ્ધાવાળાઓ મરેલાઓને તથા પંચભૂતાદિ પદાર્થોની પૂજા કરે છે.

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥ ७० ॥

अपने स्वभावानुसार सब लोगोंका भोजन भी तीन प्रकार का प्यारा होता है और इसी प्रकार यज्ञ, दान, तप ये भी तीन तीन प्रकार के होते हैं, उनके इस भेद को सुनो ।

પોતાની પ્રકૃતિ અનુસાર સર્વ લોકોનો ખોરાક પણ ત્રણ પ્રકારનો પ્રિય

હોય છે; તેવીજ રીતે યજ્ઞ, તપ અને દાન પણ ત્રણ-ત્રણ પ્રકારનાં છે; તેઓનો તફાવત સાંભળ.

आयुः सत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥७१॥

आयु जीवनशक्ति, बल, आरोग्य, चित्तकी प्रसन्नता और रुचिको बढ़ानेवाले, रसोंवाले चिकने, शीघ्र न बिगड़नेवाले हृदय को प्रसन्न रखनेवाले अर्थात् दुर्गन्धादि दोषों से रहित भोजन सात्विक लोगों को प्यारे होते हैं ।

ઉમર, જીવનશક્તિ, બળ, તંદુરસ્તી, પ્રસન્નતા અને રૂચિને વધારનારા, રસ (સ્વાદ) વાળા, ચીકાશવાળા, બગડે નહીં એવા, અને હૃદયને પ્રિય લાગે એવા, એટલે કે દુર્ગન્ધ વગેરે દોષોથી રહિત ખોરાકો સાત્વિક મનુષ્યોને પ્રિય હોય છે.

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥ ७२ ॥

कड़वे, अतिखट्टे, अतिखारे, अतिगरम, अतितीखे, चिकने पनेसे रहित, दाह उत्पन्न करनेवाले और पीछे से दुःख, पश्चाताप, तथा क्षयादि रोगोंके देनेवाले भोजन रजोगुणी मनुष्यको प्रिय होते हैं ।

કડવા, અતિખાટા-ખારા, અતિ ઉના-તીખા, બળતરા કરનારા તથા પાછળથી દુઃખ પશ્ચાતાપ દેવાવાળા, અને ક્ષય વગેરે રોગોને ઉપજાવનારા,

ખોરાકો રજોગુણી મનુષ્યોને પ્રિય હોય છે.

यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥ ७३ ॥

अगले दिनका पका हुआ, अर्धपक, रस रहित दुर्गन्धिवाला (मांस मछली आदि) जो बहुत बासी हो गया हो, जो जूठा हो और अपवित्र हो ऐसा भोजन तमोगुणी लोगों को प्रिय होता है ।

ગયા દિવસનું રાંધેલું કે અર્ધું કાચું પાકું રસ વગરનું, દુર્ગન્ધિવાળું (માંસ માછલી વગેરે) ઘણું વાસી, એંઠું અને મલિન ભોજન તામસી લોકોને પ્રિય હોય છે.

अफलाकांक्षिभिर्यज्ञो विधिदृष्टोय इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ॥ ७४ ॥

"यज्ञ अवश्य करना चाहिए" ऐसा मनका संकल्प करके जो यज्ञ निष्काम कर्मी लोगों से विधि पूर्वक किया जाता है वह सात्विक होता है ।

" યજ્ઞ અવશ્ય કરવો જોઇએ " એવો મનનો સંકલ્પ કરીને જે યજ્ઞ ફળની થોડી પણ ઇચ્છા રાખ્યા શિવાય જે લોકોથી, વિધિપુર્વક કરાય છે તે સાત્વિક છે.

अभिसंधाय तु फलं दंभार्थमपि चैव यत् ।
इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ॥ ७५ ॥

हे भरतकुल में श्रेष्ट अर्जुन ! फलकी इच्छा करके और दंभ दिखलावट के लिए जो यज्ञ किया जाता है उसको राजस समझो।

હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન ! ફળની ઇચ્છા રાખીને અથવા દંભ દેખાવને માટેજ જે યજ્ઞ કરવામાં આવે છે તેને રાજસ જાણ.

विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ॥ ७६ ॥

जिस यज्ञ में शास्त्रोक्त विधि न हो, जिसमें पात्रों को अन्नादि न दिया जाता हो, जो वैदिक मन्त्रों से न किया जाता हो जिसमें विद्वानोंको दक्षिणा न दी जाती हो, जो श्रद्धासे रहितहो ऐसे यज्ञ को तामस कहते हैं।

જે યજ્ઞમાં શાસ્ત્રોક્ત વિધિ ન હોય, પાત્રોને અન્નાદિ દાન ન દેવામાં આવે જે વેદ મંત્રોથી ન કરવામાં આવે, જેમાં વિદ્વાનોને દક્ષિણા ન દેવાતી હોય તથા જે શ્રદ્ધા વગર કરાએલો હોય તે યજ્ઞ તામસ કહેવાયછે.

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥ ७७ ॥

(देव) परमात्मा, (द्विज) संस्कार युक्त ब्राह्मणादि वर्ण (गुरु) माता, पिता तथा आचार्य इत्यादि और (प्राज्ञ) अतिथि आदि विद्वान् यह सबका पूजन, शुद्ध रहन सहन, सरल आचरण

शमदम संपन्न होकर ज्ञान प्राप्त करना और हिंसा न करना यह शरीर का तप कहलाता है।

(દેવ) પરમાત્મા (દ્વિજ) સંસ્કારયુક્ત બ્રાહ્મણાદિ વર્ણ (ગુરૂ) માતા, પિતા તથા આચાર્ય વગેરે અને (પ્રાજ્ઞ) અતિથિ આદિ વિદ્વાન એ સર્વનું પૂજન, પવિત્ર રહેણી કરણી, સરલ આચરણ શમ દમ સંપન્ન થઇને જ્ઞાન મેળવવું, તથા હિંસા ન કરવી આ બધાં શરીરનાં તપ કહેવાય છે.

अनुद्वेगकरं वाक्यं सत्य प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ ७८ ॥

जो वाक्य किसीको उद्विग्न नहीं करता सत्य है, सुनने में प्यारा और आगे को हितकर है तथा शास्त्रोंका पठनपाठन करना वह वाणीका तप है।

કોઇને માઠું ન લાગે તેવું સાચું, પ્રિય અને હિતકર વચન બોલવું તેમજ શાસ્ત્રોનો અભ્યાસ અને પઠન પાઠન કરવાં એ વાણીનું તપ કહેવાય છે

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ ७९ ॥

मनकी प्रसन्नता, शान्तस्वभाव, बहुत कम बोलना आत्मनिग्रह, और हृदय की पवित्रता यह मनका तप कहा जाता है।

મનની પ્રસન્નતા, શાન્ત સ્વભાવ, ઘણું થોડું બોલવું, આત્મનિગ્રહ અને હૃદયની તથા ભાવનાની પવિત્રતા એ મનનાં તપ કહેવાય છે.

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्विकं स्मृतम् ॥ ८० ॥

"दान करनाही चाहिए" ऐसा समझकर योग्य देश काल और पात्रका विचार करके तथा जिससे प्रत्युपकारकी आशा न की जाय ऐसेको जो दान दिया जाता है वह सात्विक दान कहा जाता है ।

" આપવું જ જોઈયે " એમ સમજીને યોગ્ય દેશ, કાળ અને સુપાત્રનો વિચાર કરીને તથા જેની પાસેથી વળતા બદલાની આશા ન હોય એવાને જે દાન આપવામાં આવે તેને સાત્વિકદાન કહેલું છે.

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥ ८१ ॥

जो अपना उपकार करनेके प्रतिफल स्वरूप दिया गया हो, अथवा किसी लाभको उद्देश्य रखकर दिया गया हो और खिन्न मनसे दिया गया हो वह दान राजस कहलाता है ।

જે દાન બદલો મેળવવાના હેતુથી, ફળની ઈચ્છા તથા કચવાતે મને અપાય છે તે રજોગુણી કહેવાય છે.

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥ ८२ ॥

जो दान अयोग्य देशकाल में और अपात्रों के लिए दिया

गया हो उसको तथा असत्कार और तिरस्कार पूर्वक दिया गया हो उसको तामस दान कहते हैं ।

જે દાન અયોગ્ય દેશ કાળમાં અને કુપાત્ર મનુષ્યોને દેવાય છે તથા જે સત્કાર વિના તિરસ્કારથી દેવાય છે તે તામસ દાન કહેવાય છે.

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥८३॥

जिस ज्ञान से मनुष्य पृथक् पृथक रहे हुए सब भूतो में एक अखण्डित अविनाशी ब्रह्मतत्त्व को अनुभव करता है उस ज्ञानको सात्विक समझो ।

જે જ્ઞાનથી મનુષ્ય જુદાં જુદાં રહેલાં સર્વ ભૂત-પ્રાણીઓમાં એક અખંડિત અને અવિનાશી બ્રહ્મતત્વને અનુભવે છે તેને સાત્વિક દાન સમજો.

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान्पृथग्विधान् ।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥ ८४ ॥

जिससे मनुष्य पृथक् पृथक् रहे हुए सब भूतों में विधविध भावना करके अनेक देवता वादको मानता है उस ज्ञानको राजस जानो ।

જે જ્ઞાનથી મનુષ્ય જુદાં જુદાં રહેલાં સર્વ ભૂતોમાં વિવિધ પ્રકારની ભાવનાઓ કરીને અનેક દેવતા વાદને માને છે તે જ્ઞાનને રજોગુણી જાણો.

यत्तु कृत्स्नवदेकास्मिन्कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥ ८५ ॥

जिस ज्ञानसे मनुष्य एकही कार्यमें सम्पूर्ण के समान मानने लगता है जैसाकि जीव देहमात्र है और ईश्वर अमुक प्रतिमामात्र है जो मिथ्या, तुच्छ और युक्तिहीन ज्ञान है उसको तामसज्ञान कहते हैं।

વળી જે જ્ઞાનથી મનુષ્ય એકજ વસ્તુ–કાર્યમાં બધું માની બેસે છે જેમકે દેહ એજ જીવ છે અને અમુક પ્રતિમા માત્ર ઈશ્વર છે, જે તદ્દન મિથ્યા–તુચ્છ અને યુક્તિ વગરનું છે તેને તામસ જ્ઞાન કહે છે.

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥८६॥

जो सुख प्रारंभमें विषके समान अनिष्ट मालूम पडे परंतु अंतमें अमृत के समान होता है और जो सुख आत्मसंतुष्टिसे उत्पन्न होता है वह सुख सात्विक कहा गया है।

જે સુખ શરુઆતમાં ઝેર જેવું લાગે પણ પરિણામે અમૃત જેવું નિવડે તથા જે સુખ આત્મસંતોષ પૂર્વક પેદા થયેલું છે તેને સાત્વિક સુખ કહે છે.

विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥८७॥

विषय और इन्द्रियके संयोगसे जो सुख प्रारंभमें अमृतके समान परंतु परिणाममें विषके समान प्रतीत हो वह सुख राजस कहा जाता है।

વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી જે સુખ થાય છે તે પ્રથમ તો અમૃત જેવું લાગે છે પણ પાછળથી ઝેર જેવું નીવડે તેને રજોગુણવાળું સુખ કહે છે.

यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥ ८८ ॥

जो आदिमें और अंतमें भी आत्माको मोहमें डालनेवाला हो, जो निद्रा, आलस्य और भ्रमके लिए पैदा हुआ हो वह सुख तामस कहलाता है ।

જે સુખ આરંભમાં તેમજ પરિણામે પણ આત્માને ચક્કરે ચઢાવનારૂં હોય, વળી જે ઉંઘ, આળસ તથા ભ્રમને વધારનારૂં છે તે સુખ તમોગુણી કહેવાય છે.

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां परंतप ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥ ८९ ॥

हे अर्जुन ! ब्रह्मवेत्ता ब्राह्मण, क्षतसे रक्षा करने वाले क्षत्रिय, व्यापारादि कर्मों से सारे संसारमें प्रविष्ट होनेवाले वैश्य और दासभाव प्रकट करनेवाले शूद्र इन सब लोगों के कर्म अपने प्रकृति अनुकूल स्वाभाविक गुणोंसे भिन्नभिन्न प्रकारके होते हैं ।

હે અર્જુન ! બ્રહ્મવેત્તા બ્રાહ્મણો, દુઃખીની રક્ષા કરવાવાળા ક્ષત્રિયો, વ્યાપાર વગેરે કર્મોથી આખા સંસારમાં દાખલ થવાવાળા વૈશ્યો તથા દાસભાવ કરવાવાળા શૂદ્રો આ સઘળા લોકોનાં કર્મો પોતાની પ્રકૃતિ અનુકૂળ ગુણોથી ભિન્ન ભિન્ન પ્રકારનાં હોય છે.

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥ ९० ॥

शम (मनका रोकना) दम (इद्रियोंको वश करना) तप (शीतोष्णको सहना) पवित्रता, क्षमा, सरलता, ज्ञान, विज्ञान और आस्तिकता यह गुण सत्त्व प्रधान ब्राह्मण प्रकृतिवाले मनुष्योंमें होते हैं ।

શમ, દમ, તપ, પવિત્રતા, ક્ષમા, સરલતા, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિ-કતા આ નવ ગુણ સત્વપ્રધાન બ્રાહ્મણ વૃતિવાળા મનુષ્યોમાં હોય છે.

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥ ९१ ॥

शूरवीरता, तेज, हिम्मत समयसूचकता, युद्धसे नहीं भागना दानदेना, और शासनभाव यह क्षत्रियके शीलजन्य कर्म हैं ।

શૂરવીરતા, તેજ, હિંમત, સમયસૂચકતા, યુદ્ધમાં લડતાં પીઠ ન દેખા ડવી, દાન દેવું અને શાસનભાવ એ ક્ષત્રિયનાં શીલજન્ય કર્મ છે.

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥ ९२ ॥

खेती, गोरक्षा, और व्यापार यह वैश्योंके शीलजन्य कर्म हैं और शूद्रोंका कर्म नौकरी चाकरी करना है ।

ખેતી, ગાય બળદ વગેરે પશુપાલન તથા વ્યાપાર રોજગાર એ વૈશ્યોનાં શીલજન્ય કર્મો છે અને નોકરી ચાકરી વગેરે સેવા કર્મો શૂદ્રોનાં છે.

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।
स्वकर्मनिरतः सिद्धिं यथा विंदति तच्छृणु ॥ ९३ ॥

अपने अपने स्वभावानुकूल कर्मोंमें लगा हुआ पुरुष इष्ट सिद्धिको प्राप्त होता है। अपने अधिकारयुक्त कर्मोंमें लगा हुआ पुरुष जिसप्रकार सिद्धिको लाभ करता है उसे समझ ।

પોતપોતાના સ્વભાવ તથા અધિકારયુક્ત કર્મોમાં લાગેલો મનુષ્ય ઇષ્ટ સિદ્ધિને પામે છે; પોતાના અધિકારયુક્ત કર્મોમાં મચી રહેનારો મનુષ્ય જે રીતે સિદ્ધિને મેળવે છે તેને સમજ.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥ ९४ ॥

दूसरोंके स्वभावसिद्ध उच्च कोटि के धर्मकर्म करनेकी अनधिकार चेष्टासे अपने स्वभावानुकूल साधारण गुणवाले कर्तव्य कर्म करते रहना अच्छा है क्योंकि स्वभावसे नियत जो कर्म उसको करता हुआ मनुष्य पापको नहीं प्राप्त होता ।

બીજાના સ્વભાવને બંધ બેસતાં ઉચ્ચ કોટિનાં ધર્મ કર્મ કરવાની અનધિકાર ચેષ્ટા કરવા કરતાં પોતાના સ્વભાવને બંધ બેસતાં સાધારણ ગુણ-કોટિનાં કર્તવ્ય કર્મો કરતા રહેવું વધારે સારું છે કેમકે પોતાના

સહજ સ્વભાવ અને અધિકારને અનુસરતું કર્મ કરનારો મનુષ્ય દુઃખી થતો નથી.

सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत् ।
सर्वारंभा हि दोषेण धूमेनाग्निरिवावृताः ।। ९५ ।।

हे अर्जुन ! स्वभावजन्य अपनी प्रकृतिसे जो प्राप्त कर्म हो वह दोषवाला भी हो तब भी उसको मनुष्य न छोडे । सभी काम दोषसे व्याप्त होते हैं, जैसे अग्नि धूमसे व्याप्त होती है ।

માટે હે અર્જુન ! પોતાની પ્રકૃતિને અનુકૂળ સહજ ગુણ સ્વભાવે કરાતાં પોતાના વર્ણાશ્રમનાં ધર્મ કર્મો અમુક વર્ણાશ્રમનાં ધર્મ કર્મો અમુક વર્ણાશ્રમનાં કરતાં દોષવાળાં જણાય તોપણ તેને મનુષ્ય ન છોડે; કેમકે ધુમાડાથી જેમ અગ્નિ છવાયલો હોય છે તેમ સર્વ કર્મો દોષોથી છવાયલાં છે.

स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ।।९६ ।।

हे अर्जुन ! यद्यपि इस समय तू भ्रमसे यह युद्धरूप कर्म करना नहीं चाहता परंतु क्षत्रिय स्वभावजन्य कर्मोंसे बंधा हुआ होनेसे अन्तमें तू यह कार्य अवश्य करेगा ।

હે અર્જુન ! જોકે અત્યારે મોહથી તું આ યુદ્ધ રુપી કર્મ કરવા નથી

ચાહતો પરંતુ ક્ષત્રિય સ્વભાવવાળાં કર્મોથી તું બંધાયલો હોવાથી આખર પણ તે કાર્યને જરૂર કરીશજ.

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥ ९७ ॥

हे अर्जुन ! सब भूत प्राणियोंके हृदय प्रदेश में ईश्वर विराजमान हैं, कर्म चक्रपर चढे हुए सब प्राणियोंको वह अपनी शक्तिसे नियममें चला रहा है।

હે અર્જુન ! ભૂત પ્રાણીઓને હૃદય મંદિરમાં ઇશ્વર વિરાજમાન છે. કર્મ ચક્રપર ચઢેલાં સર્વ પ્રાણીઓને તે પોતાની શક્તિથી નિયમમાં ચલાવી રહયો છે.

तमेव शरणं गच्छ सर्वभावेन भारत।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥९८॥

हे भारत ! पूर्ण श्रद्धासे तू उसी ईश्वरकी शरणमें जा। उस प्रभुकी कृपासे तू परमशान्ति और अचल पदको प्राप्त होगा (अब तेरा मोह हटा ?)

હે અર્જુન ! પૂર્ણ સદ્‌ભાવથી તું તેજ ઇશ્વરની શરણમાં જા તેની કૃપાથી તું પરમશાન્તિ તથા અવિચળ પદને પામીશ. (કહે હવે તારો મોહ નષ્ટ થયો ?.)

अर्जुन उवाच ।

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव ॥ ६६ ॥

हे कृष्ण ! आपकी कृपासे मेरा भ्रम नष्ट हो गया और मैंने क्षात्रधर्मकी ज्ञानस्मृति प्राप्त की । अब मैं संदेह रहित हो गया हूं इस लिए युद्धकर्मरूप आपकी आज्ञाका पालन अवश्य करूंगा ।

હે કૃષ્ણ ! આપની કૃપાથી મારો ભ્રમ નષ્ટ થઇ ગયો અને મેં ક્ષત્રિય ધર્મનું જ્ઞાન મેળવ્યું. હવે હું સંદેહ રહિત થઇ ગયો છું અને તેથી યુદ્ધ રૂપી આપની આજ્ઞાનું પાલન જરૂર કરીશ.

सञ्जय उवाच ।

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥१००॥

हे धृतराष्ट्र ! अब तो जिस पक्ष में योगेश्वर कृष्ण और धनुर्धर अर्जुन हैं उसी पक्षमें लक्ष्मी, विजय, उन्नति तथा अचलनीति यह चारों बातें अवश्य होंगी यह मेरी सम्मति है ।

હવે તો હે ધૃતરાષ્ટ્ર ! જે પક્ષમાં યોગેશ્વર કૃષ્ણ તથા ધનુર્ધર વીર અર્જુન છે તે પક્ષમાં સંપતિ, વિજયશ્રી, ઉન્નતિ અને નીતિ વગેરે બધું પ્રાપ્ત થશે એવી મારી દૃઢ માન્યતા છે.

समाप्त

हमारा प्रकाशनः—

(१) **संस्कार चन्द्रिका** महर्षि दयानन्द प्रणीत संस्कार विधि की विस्तृत तथा सरल व्याख्या। मू० ३॥)

(२) **सृष्टि विज्ञान** डारविन मत आलोचना तथा वैदिक सिद्धान्तों का मण्डन है (द्वितीय संस्करण छपता है) मू० ३)

(३) **दिग्विज्ञान** मनसा परिक्रमा के मंत्रों की अपूर्व व्याख्या। मूल्य १॥)

(४) **शरीर विज्ञान** शल्य विद्या का आदि मूल वेद में है मू० ।≋)

(५) **आत्मस्थानविज्ञान** शरीर में आत्मा का स्थान कहां है मू०-)

(६) **गीतासार** १०० गीताके श्लोकों का सार हिन्दी गुजराती में मू०।-)

(७) **ऋषि पूजाकी वैदिक विधि** =)

(८) **मजहबे इसलाम पर एक नजर** =)

(९) **नीतिविवेचन** में नीतिशास्त्र की भिन्न भिन्न पद्धतियां सामान्य स्वरूप पाश्चात्य नीतिशास्त्र और कई महत्वपूर्ण लेख हैं इस पुस्तक के रचयिता बड़ेबड़े विद्वान् महापुरुष हैं मू० १।)

(१०) **कोष की कथा** जीवकोष का सचित्र वर्णन मू० ॥)

(११) **श्रीहर्ष** भारतीय अंतिम आर्य सम्राट का जीवन चरित्र मू०॥)

(१२) **आरोग्यता** इस विषय पर महत्व पूर्ण पठनीय लेख है। मू०॥)

(१३) **औरंगजेब** मुगलसम्राट औरंगजेबका हिन्दी भाषा में ऐसा इतिहास उत्तम सचित्र नहीं छपा यह बहुत बढ़िया है मू० ॥)

(१४) **चीन की संस्कृति** चीन के संबंध में महत्वपूर्ण पुस्तक पृ. सं. लगभग २५० मृ. १।≈) प्राचीन समय से लेकर पूरा इतिहास देकर भविष्य तक का वर्णन है।

(१५) **हिन्दुस्तान** भाषा कवितामें शुभ संवाद बड़ी उत्तम पुस्तक है।

(१६) **गुजराती हिन्दी शब्दकोष** मूल्य ६)

(१७) **वैदिक विवाहादर्श** (छपरहा है)

(१८) **धर्म की उत्पत्ति और विकास** मू० १।=)

(१९) **कुञ्ज मुनि ज्ञानामृत** मू० १)

प्राप्तिस्थान जयदेव ब्रदर्स—बडोदा.

92